# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૭ તા.૧૧-૯-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ગુજરાત સ્કૂલ એક્રેડીટેશન પ્રોગ્રામ અંતર્ગત ટેલીકોન્ફરન્સ નિહાળવા બાબત.
સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/જીએસકયુએસી/૨૦૧૯/૨૨૮૬૪-૯૭ તા.૦૯-૦૯-૨૦૧૯.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, રાજયની શાળાઓના એક્રીડેશન સંદર્ભે વર્ષ ૨૦૧૦ માં ગુજરાત સ્કૂલ કવોલીટી એક્રેડીટેશન કાઉન્સીલ (GSQAC)ની સ્થાપના કરવામાં આવી હતી. હાલમાં આ કાઉન્સીલને પુનઃ કાર્યાન્વીત કરવામાં આવેલ છે. જેના થકી સમગ્ર રાજયની શાળાઓના એક્રેડીટેશનનું કાર્ય કરવામાં આવશે. રાજયની શાળાઓના એક્રેડીટેશન અને તેની કામગીરી સંદર્ભે જરૂરી માર્ગદર્શન આપવા તા.૧૧-૯-૧૯ ના રોજ ૧૫-૩૦ થી ૧૭-૦૦ કલાક દરમ્યાન વંદે ગુજરાત ચેનલ-૧ પરથી ટેલીકોન્ફરન્સ યોજવામાં આવશે. આ ટેલીકોન્ફરન્સ શાળાના તમામ મુખ્ય શિક્ષકે બિનચૂક નિહાળવાની રહેશે. ટેલીકોન્ફરન્સ ગુણોત્સવ ૨.૦ ના માર્ગદર્શન સૂચનો લગત હોઈ આપવામાં આવેલ સૂચનોનો શાળાકક્ષાએ અમલીકરણ માટે અત્યારથી જ અમલવારી કરવાની રહેશે. મળેલ માર્ગદર્શન સૂચનો તા.૧૨-૯-૨૦૧૯ના રોજ શાળાની સૂચનબુકમાં નોંધ કરી તમામ શિક્ષકો તેની અમલવારી કરે તે જોવાની જવાબદારી મુખ્ય શિક્ષકની રહેશે.

તા.૧૧-૯-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી